–: પ્રેસનોટ :–

અમદાવાદ શહેરમાં હેબતપુર, ઝાયડસ હોસ્પિટલ (સોલા) ની પાછળ આવેલા ખુલ્લા પ્લોટમાં 'ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ' ની કચેરીનું નવું બિલ્ડિંગ બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવનાર છે. સદર જગ્યાએ બેઝમેન્ટ માટે ખોદકામ પૂર્ણ થયેલ છે અને હાલ આર.સી.સી. ફાઉન્ડેશનની કામગીરી ચાલુ છે. બાંધકામ દરમિયાન ભારે મશીનરી, સામગ્રી તથા શ્રમિકોની અવર જવર રહેવાની છે. બાંધકામવાળી જગ્યાનો રસ્તો ૧૦ મીટર પહોળો હોવાથી આગળની બાજુની એક તરફનો ૫–મીટરની લેન વાહન વ્યવહાર માટે ચાલુ રાખી કામગીરી થઈ શકે તેમ છે. જેથી એક તરફનો આશરે ૩૦–મીટર જેટલો રસ્તો સુરક્ષાના કારણોસર બંધ કરી કામગીરી કરવામાં આવનાર છે. આ જગ્યાની સ્થળ વીઝીટ કરતા ઝાયડસ હોસ્પિટલના પાછળના ભાગે ઉપરોક્ત ઓફીસનુ બાંધકામ હાલમાં ચાલુમાં હોય અને બેઝમેન્ટનો ખાડો ખોદેલ હોય જેને કારણે આગળનું કામ કરવા સારું બાંધકામવાળી જગ્યાની આગળની ૩૦–મીટરની એક લેન બંધ રાખવી જરૂરી છે. બીજી લેન વાહન વ્યવહાર માટે ચાલુ રહેશે. જેના પરથી ફક્ત નાના વાહનો પસાર થઈ શકશે. **આ ટ્રાફિક ડાયવર્ઝન તા.૧૯/૭/૨૦૨૬ ના રાત્રી કલાક ૦૦.૦૦ થી શરુ કરીને ૫–માસ સુધી ૨૪.૦૦ કલાકના સમયગાળા સુધી રહેનાર છે.** મોટા વાહનો માટે બંધ માર્ગ તથા વૈકલ્પિક માર્ગની વિગત નીચે મુજબ છે.

મોટા વાહનો માટે બંધ માર્ગ	મોટા વાહનો માટેનો વૈકલ્પિક માર્ગ
ઝાયડસ હોસ્પિટલની પાછળના ભાગે આવેલ ઈમ્પોર્ટ–એક્સપોર્ટ ઓફિસ ચાર રસ્તાથી ઝાયડસ હોસ્પિટલના પાછળના ગેટ નં. ૬ સુધીનો ૩૦ મીટરનો એક તરફનો રોડ મોટા વાહનો માટે ૫ (પાંચ) મહિના સુધી ૨૪.૦૦ કલાકના સમયગાળા દરમિયાન બંધ રહેશે.	• થલતેજ એસ.જી.હાઈવે તરફનો વાહન વ્યવહાર કે જેને ઝાયડસ હોસ્પિટલ તથા આજુબાજુની સોસાયટી, બંગલોઝ કે ફ્લેટ્સ તરફ જવું હોય તેઓ એસ.જી. હાઈવે હેબતપુર ચાર રસ્તા થઈ ડાબી બાજુ વળીને ઝાયડસ હોસ્પિટલ તથા અલગ–અલગ માર્ગ તરફ જઈ શકશે. • ઝાયડસ હોસ્પિટલ તથા આજુબાજુની સોસાયટી, બંગલોઝ કે ફ્લેટ્સ તરફથી આવતો ટ્રાફિક કે જેને થલતેજ કે ગાંધીનગર તરફ જવું હોય તેઓ ઝાયડસ હોસ્પિટલ મુખ્ય માર્ગ થઈ હેબતપુર ચાર રસ્તાથી એસ.જી. હાઈવે થઈ ગાંધીનગર તથા થલતેજ તરફ જઈ શકશે.

જે અંગેની તમામ નાગરિકોને જાણ કરવામાં આવે છે.

તા.૧૮/૭/૨૦૨૬
'પોલીસ કમિશનરશ્રી નાઓના હુકમથી'

(અશ્વિન ચૌહાણ)
સંયુક્ત પોલીસ કમિશનર
ટ્રાફિક, અમદાવાદ શહેર